# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# દિક્ષાર્થીપણાનું સાર્થકપણું ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી ?

## ■ સંયમસાર ■

**સંયમરાગ * સંયમરાસ * સંયમસાથ * સમયસાર * ''સયમ્ સિધ્ધ''**

જીવને મુક્તિનાં ઉતરોતર એવા ચાર કારણોની દુર્લભતા સર્વકાળે અને સર્વક્ષેત્રે રહેલી છે, ''મોક્ષમાર્ગ'' સર્વકાળે, સર્વક્ષેત્રથી, સર્વ જીવો માટે, એક અને એક સરખો છે. તેની યથાર્થતા કોઈપણ કાળે, કોઈપણ ક્ષેત્રથી, કોઈપણ અવસ્થાએ મોક્ષમાર્ગનાં આરાધકો કે આત્માનુભવી જ્ઞાનીઓ અને કેવલજ્ઞાની ભગવંતો એવા સર્વ જીવોને અનુભવ અને જ્ઞાન એક સરખુ જ અનુભવે છે. તે જ્ઞાનથી જ પૂર્વનાં જીવો મુક્તિ પામ્યાં, વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામશે અને તે જ્ઞાનથી જ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીએ શાસ્ત્રો રચાવ્યાં. (શ્રી ગણધર પરમાત્માએ રચ્યાં) જે બાળજીવોને (જૈન સંપ્રદાયનાં સર્વ જીવોને અને મોક્ષમાર્ગી અન્ય સંપ્રદાયનાં જીવોને) ચાર કારણોની દુર્લભતામાં પ્રથમ કારણ પૂર્વનાં યોગનાં કારણે સુલભતાંથી પ્રાપ્ત થયું છે. ત્યારે બાકીનાં ત્રણ દુર્લભતાવાળા કારણોને સુલભતાથી કેમ પ્રાપ્ત કરવા તેવી ઝુરણાં સહિતની સમજણ મેળવવી, માનવી અને શ્રધ્ધા સહિત આરાધનની સાધના કરવાનો પુરૂષાર્થ કરવો, જે બાળજીવોને પૂર્વનાં યોગે આ ભવમાં મુક્તિની ઉગ્ર અભિલાષા સહિત બળવાન સંજોગ અનુકુળતાનાં યોગ પ્રાપ્ત થયા હોય અને સંયમનાં માર્ગે ઉગ્ર સાધનાનો આરાધક સાધક બનવા માગતાં હોય, તેવાં બાળજીવોએ સાત ભય રહિતનું લીધેલું દિક્ષાર્થીપણું, બાર દોષોનાં ક્ષય માટે પ્રાપ્ત કરેલું ત્યાગીપણું અને દેહભાવ, સુખભાવ, માનભાવ અને નામભાવનાં નાશ માટે મેળવેલો ''સંયમ માર્ગ'' આત્મકલ્યાણનું કારણ બને અને સાત ભય રહિતનાં આત્મબોધની આરાધનાંથી સ્વકલ્યાણનો આરાધક સાધક પુરૂષાર્થનાં યોગથી સ્વકલ્યાણ સાધીને પરકલ્યાણકારી બનીને અન્ય બાળજીવોને મોક્ષમાર્ગનો બોધ આપે છે. અને જે સાત ભય રહિતનો બોધ એજ નિશ્ચય બોધ એજ સિધ્ધાંત બોધ એજ આત્મબોધ અને એજ મોક્ષમાર્ગનો એક માત્ર આત્મકલ્યાણકારી બોધ અને એજ શ્રી સુધર્માસ્વામી ગચ્છ અને પાટ પરંપરાનો (શ્રી ગુરૂ પરંપરાનો) બોધ અને એજ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને બોધેલો, આપેલો અને સ્થાપેલો બોધ એજ નિશ્ચય બોધ અને એ નિશ્ચય બોધનાં આરાધકો જ શાસનનાં અણગારી બનીને શાસનનાં શણગાર બન્યાં છે; બને છે અને બનતાં રહેશે અને તેમનાં થકી જ પાંચમાં આરાનાં બાકીનાં ૧૮૫૦૦ વર્ષો સુધી જૈન સંપ્રદાયમાં શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર ભગવાનનું શાસન અને જૈનધર્મ જયવંતું (રહેલું હતું, રહે છે) રહેશે. આજ ગુરૂ પરંપરાનું અપરંપારપણું રાખીને આજનાં બાળજીવો આવા ભાવપરીણામથી દિક્ષાર્થીપણું પ્રાપ્ત કરીને સ્વકલ્યાણની સાધનાં કરતાં કરતાં ભવિષ્યનાં જૈનધર્મનાં મહાન આધાર સ્તંભ બને એ-જ શ્રી તીર્થંકર પરમાત્માનો ઉપકારીભાવ માનીને કરેલી શ્રધ્ધા સહિતની ભક્તિ આરાધના ગણાય. અને એજ શાસનનું અને સંઘનું ઉપકારીપણું માનીને ઉપકારનો બદલો ઉપકારથી વાળવાનો પ્રયત્ન ગણાય. અને એજ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં જ્ઞાનની આરાધના ગણાય.

**''નિશ્ચબોધની આરાધના એજ જ્ઞાનની આરાધના અને એજ શ્રી તીર્થંકર પરમાત્માની આરાધના''**

## જૈનો જાગો

**લેખાંક : ૫૧**

આપણે આગળનાં લેખાંકોમાં મુખ્યપણે બે પ્રકારનાં જ્ઞાનીની વિચારણાં કરી. પહેલા આત્માનુભવી (સદ્ગુરૂ) જ્ઞાની અને બીજા વાંચેલું, સાંભળેલું એવા શ્રુતજ્ઞાની, કે જે સદ્ગુરૂપણું ગણાવતાં હોય તેવા અસદ્ગુરૂ-વિભ્રમ-વિભંગ જ્ઞાની. સદ્ગુરૂ અને અસદ્ગુરૂ લગભગ સંસારમાં શ્રાવકપણાંમાં જ વધારે પ્રમાણમાં જન્મતાં અને બનતાં હોય

*** સત્સંગ ***

**રાગને રડાવીને, દ્વેષને દબાવીને, માયાને મનાવીને, મોહને મુકાવીને, લોભને લોભાવીને, ક્રોધને કંપાવીને, દેહને દબડાવીને, વિષયોને વાળીને, કષાયોને કાપીને, માનને મારીને, નામને નમાવીને, સાચા જ્ઞાનનાં જાણકાર પાસેથી, સાચું જ્ઞાન જાણીને, ''મુક્તિનાં મહાસાગરમાં મહાલવું''**

છે. (એક સદ્ગુરૂ થયા પછી તેની ગેરહાજરીમાં અનેક અસદ્ગુરૂ બને છે.) તેનાં ગુણો, લક્ષણો અને પ્રગટ સ્વભાવની મુખ્ય મુખ્ય વિચારણાં કરી હતી.

તેવી જ રીતે શ્રી ધર્માચાર્યોમાં બે પ્રકારનાં મુખ્યે કરીને ધર્માચાર્યો બને છે. ૧) આત્મલક્ષી બોધ આપનારા અને ૨) પુણ્યલક્ષી બોધ આપનારા. તેમાં પ્રથમ પ્રકારનાં શ્રી ધર્માચાર્યો બાળજીવોને મોક્ષલક્ષી બોધ (નિશ્ચય બોધ) આપનારા હોય છે અને બીજા પ્રકારનાં શ્રી ધર્માચાર્યો બાળજીવોને પુણ્યલક્ષી બોધ કે જે સંસારનું ભ્રમણ કરાવનાર બોધ આપતાં હોય છે. તે કેવાં પ્રકારથી બંને પ્રકારનાં શ્રી ધર્માચાર્યો બને છે, તેની વિચારણાં કરીએ.

જ્યારે બાળજીવ સંસારમાં શ્રાવકપણાંમાં (ત્યાગ લીધા પહેલા) હોય છે, ત્યારે ત્યાગ ભાવનાં થાય છે, ત્યારે બાળજીવને સંસાર સ્વાર્થી લાગે છે, સંસારમાં રહેવાથી અનેક પ્રકારનાં કર્મો બંધાય અને પાપોનાં ઘણાં પ્રકારનાં કાર્યો કરવા પડે તેવું માને છે. અને ત્યાગ (ચારીત્ર) વગર મુક્તિ નથી અને ત્યાગ લેવાથી કર્મો બાંધતા અટકી જઈએ અને ત્યાગ લેવાથી મુક્તિ મળી ગઈ તેવા પ્રકારની સમજણ મેળવેલી હોય છે. અને તેવી સમજણ બળવાન બનાવી દીધી હોય છે. જીવે નિગોદમાંથી નિકળ્યાં પછી અને મોક્ષગમન પહેલાં એક ભવ ચારીત્ર લેવું પડે અને એક ભવમાં ઉપદેશબોધ (પુણ્યલક્ષી બોધ) આરાધવો પડે, ભવોભવ ચારીત્ર અને ઉપદેશ બોધની જરૂર નથી, પણ ત્યાગીપણું એ વૈરાગ્ય પ્રાપ્તી માટેનું બળવાન સંજોગ કારણ ગણાય (ત્યાગી ક્ષેત્ર, સર્વ શ્રેષ્ઠ ક્ષેત્ર ગણાય). બાળજીવ હજી વિદ્યાર્થીપણાંમાં છે અને દિક્ષાર્થીપણું પ્રાપ્ત કરવાનાં ભાવ બળવાન બનતાં હોય છે. ત્યારે બાળજીવને આદર-સત્કાર, માન-બહુમાન, તેમનાં પ્રત્યેનો વિનય-વિવેક સહિતનો વ્યવહાર અને ભાગ્યવાન અને ભાગ્યશાળી સમજીને અન્ય જીવો તેમનાં પ્રત્યે ભાવ-અહોભાવથી વર્તે છે. અને બાળજીવ ગુરૂ ગોતવા નિકળે છે ત્યારે તેમની પાસે, ગુરૂ કેવા હોવા જોઈએ અને કેવા ગુરૂથી આત્મકલ્યાણ થાય અને કેવા ગુરૂ પોતાનાં શિષ્યોને આત્મકલ્યાણ કેવા પ્રકારે કરાવે છે, તેની કશી જ સમજણ વગર પોતાની સમજણ અનુસાર, પોતાનાં વિચારને અનુકુળ, પોતાનાં સ્વભાવને ફાવે અને પોતાની અંતરદશા અનુસારનાં અને અંતરદશાની દ્રષ્ટિથી અવલોકન કરીને ગુરૂને પસંદ કરે છે.

### ગુરૂને ગોતવાનાં અને પસંદ કરવાનાં ન હોય ''પણ'' ઓળખવાનાં હોય.

માટે જેવો જીવ તેવા તેને ગુરૂ મળી જાય છે. તેની બદલે બાળજીવ જ્યારે સંસારી અવસ્થામાં હોય ત્યારે બાળજીવ સાચા મોક્ષમાર્ગની પ્રથમ જાણકારી મેળવી લે અને શાસ્ત્રોમાં બતાવેલા મોક્ષમાર્ગનાં માર્ગદર્શક (ગુરૂ) કેવા ગુણોવાળા હોય, કેવા લક્ષણોવાળા હોય, અને કેવા પ્રકારનો બોધ આપે છે (પુણ્યલક્ષી કે આત્મલક્ષી, નિશ્ચય બોધ) અને તેમની વાણી, વર્તન અને વિચારોમાં કેવો સુમેળ છે અને તેમનાં આશ્રયે પૂર્વમાં લીધેલા, ત્યાગી શિષ્યોએ કેવા પ્રકારનાં ગુણો પ્રગટાવ્યાં અને કષાયોની કેવી મંદતા કરી અને પાંચ વિષયોમાંથી કેવો અને કેટલો આસક્તિ ભાવ છુટીને અનાસક્તિપણું પ્રાપ્ત કર્યું અને કેવા પ્રકારની સાધનાં કરીને રાગ-દ્વેષનો ક્ષય કર્યો અને મુખ્યપણે અજ્ઞાનનો નાશ કર્યો છે કે નહીં ? ગુરૂને ઓળખવાનાં આવા પ્રકારનાં પ્રગટ અને પ્રમુખ લક્ષણ ગણાય. અને મોક્ષમાર્ગ શું છે ? મોક્ષમાર્ગની સાધનાં શું છે ? મોક્ષમાર્ગમાં આવવાથી પ્રથમ કેવા પ્રકારનાં કષાયોનો ક્ષય કરવાનો હોય (થાય) છે. અને ત્યાગને વૈરાગ્યમાં ફેરવવા શું કરવું જોઈએ અને દ્વેષ (દુર્ભાવ) રહીતનું જીવન કેવી રીતે બને ? અને નવું નામ અને નવું જીવન

*** સત્સંગનું ફળ ***

**આત્માનુભવી, સર્વ સદ્ગુરૂનો, સર્વ સમય માટેનો, સર્વેનો, સર્વ સમંતિથી, સર્વનો એકમતીએ, એક ગતિ માટેનો, એક અભિપ્રાય, ''એક સદ્ગુરૂનું શરણું શોધી લે, એક ભવ આરાધી લે,'' માર્ગ અને મોક્ષ માગવો નહીં પડે તેઓ આપવા (અપાવવાં) બંધાયેલા છે.**

ત્યાગીપણાનું કેવા પ્રકારથી જીવવું કે જેનાથી દેહભાવ-નામભાવ અને માનભાવનો ક્ષય થાય અને ત્યાગ લીધાં પછી ત્યાગમાં ન અટકતાં વૈરાગી બનીએ. (ત્યાગને ત્યાગ ન ગણતાં સ્વભાવ ગણાવો [બનવો] જોઈએ) તેવી પ્રથમ જાણકારી બાળજીવોએ મેળવીને પછી ગુરૂ ગોતવાનાં નથી પણ વૈરાગ્યવાળું જીવન બનાવીને નિશ્ચય બોધનાં સાધક-આરાધક અને ધારકને પ્રાપ્ત કરવા માટે જેમનાં મુખમાંથી પુણ્યનો બોધ નહીં પણ આત્માનો બોધ નિકળતો હોય તેવા ગુરૂ પ્રાપ્ત થાય છે અથવા પ્રાપ્ત કરવાનાં યોગ મળી રહે છે. જે બાળજીવનાં અંતરદશામાં વૈરાગ્ય પ્રગટ્યો હોય તેવાં બાળજીવને નિશ્ચય બોધનાં જ ગુરૂ મળે છે. જેવા **''જીવનાં ભાવ તેવાં ગુરૂનો યોગ''**. આવા યોગો પ્રાપ્ત થતાં પહેલાં બાળજીવે અનેક શ્રી ધર્માચાર્યોને મળીને, સમજણ લઈને અવલોકન કરવું જોઈએ અને સમજણ લેતી વખતે કેવા સવાલોની વિચારણાં કરવી તેની વિચારણાં કરીએ.

જીવને મુક્તિનાં ચાર કારણોની અત્યંત ઉતરોતર દુર્લભતાં ગણાય છે. તો બાળજીવને મળેલું મનુષ્યપણાંનું શ્રેષ્ઠ એવું જૈનકુળ અને જગતની સર્વ સાધુ સંસ્થાઓમાં સર્વ શ્રેષ્ઠ એવી જૈન સાધુ સંસ્થા પ્રાપ્ત થઈ છે. અને જગતની સર્વોત્તમ સંઘ વ્યવસ્થા જૈન સંપ્રદાયની ગણાય છે. (કે જે સંઘમાં શ્રાવક-શ્રાવિકાનો ધર્મ સંઘમાં સમાવેશ કરેલો છે.) અને તે

**અનુસંધાન સામે પાના નં ૧૪ પર →**

**Website : www.jainojago.com**

અનુસંધાન સામેનાં પાના નં ૧૩થી ચાલું

સંઘ શ્રી સાધુ-સાધ્વીઓનાં મા-બાપ બનીને તેમની સેવા ભક્તિ કરે છે. અને તેમની સેવા-ભક્તિ પણ કેવી અજોડ અને સમર્પિત ભાવવાળી છે, કે જેનાં કારણથી આજ સુધીમાં (વર્તમાન કાળની) અવસ્થામાં કોઈપણ સાધુ-સાધ્વીજીને સંઘનાં કારણે સંસારમાં આવવાનું બન્યું નથી, તેજ સ્થિતી બતાવે છે કે જૈન સંઘ શ્રી ધર્માચાર્ય પ્રત્યે કેટલો આજ્ઞાંકિત અને સમર્પણ ભાવવાળો છે. આજ સ્થિતી બાળજીવો સંસાર ત્યાગ પછી જો સાચી જાણકારી સહિત, સાચી સમજણ સહિતનો પુરુષાર્થ કરે તો આત્મકલ્યાણ માટે ગ્રહણ કરેલો ત્યાગ આત્મકલ્યાણનું કારણ બને નહીંતર પુણ્યપ્રાપ્તીનું કારણ બને માટે બાળજીવને માટે જે ચાર કારણોની ઉતરોતર દુર્લભપણાનાં યોગ ગણાય છે, તે દુર્લભપણાને સુલભપણાથી કેમ પ્રાપ્ત કરવા તેની વિચારણા કરીએ.

પ્રથમ બાળજીવે જડતાં ત્યાગીને સત્યની ઝુરણાંનો ભાવ ગ્રહણ કરીને (સાચું જાણવાની જિજ્ઞાસા કેળવીને) અને મત-મતાંતરનાં આગ્રહ તજીને સરળ સ્વભાવથી, આદર અને નમ્રતાં ધારણ કરીને, અહોભાવથી નિર્ભયતાં સહિત અને પોતાનો વ્યક્તિગત આગ્રહ ત્યાગીને બુધ્ધિની નિર્મળતા રાખીને (હું સાચો છું નો ભાવ ત્યાગીને) શાસ્ત્રનાં આધાર સહિતનો અને બુધ્ધિથી સમજાય તેવાં પ્રકારથી મોક્ષમાર્ગમાં આવવાની અને ચાલવાની સમજણ મેળવવી અનિવાર્ય ગણાય. આત્માર્થી જીવે ધર્મ કે ત્યાગની આરાધના કરતાં પહેલાં ધર્મ શું છે અને તે જાણવા માટેની પ્રાથમીક સમજણનાં ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

૧) મોક્ષમાર્ગની આરાધના કયા બોધથી થાય, નિશ્ચય બોધથી કે ઉપદેશ બોધથી ?

૨) અગર કોઈ જીવ એમ કહે કે પ્રથમ ઉપદેશ બોધ આરાધવો જોઈએ પછી નિશ્ચય બોધની આરાધનાં થાય, તો આવા જવાબની સામે ક્યાં સુધી ઉપદેશ બોધ આરાધવો જોઈએ અને ઉપદેશ બોધક નિશ્ચયબોધની કેવી રીતે આરાધનાં કરાવી શકે ? જેમ કે નિશ્ચયબોધ આપનાર પ્રથમ સાધના કરીને આરાધના કરાવી શકે છે. જ્યારે ઉપદેશબોધક પોતે ન કરે છતાં અન્યને બોધ આપી શકે છે. (ઉપદેશબોધનું મુખ્યપણું પુણ્ય બાંધવાનું છે. અને તેથી કરાવનાર પુણ્ય ન બાંધે છતાં બીજા જીવો પાસે બંધાવે) અને આગળનાં લેખાંકોમાં નિશ્ચયબોધનાં અને ઉપદેશ બોધનું સ્વરૂપ-ઉગમ સ્થાન અને તેનાં ગુણો અને પ્રગટ લક્ષણોની વિચારણાં કરી હતી, તેનું અવલોકન કરવું.

૩) પુણ્યથી મોક્ષ પ્રાપ્તી થાય કે કષાયોનાં ક્ષયે અને ગુણોનાં પ્રગટવાથી ?

> **જન્મો જનમથી જાણકારને જાણવા,**
> **જન્મોનાં જન્મો જન્મીને જાર્યા,**
> **જાદુગરનાં જોગવિહિન, જાદુગરી જામી નહીં,**
> **જ્યોતથી જ્યોત જગાવવાં જાદુગર જાગ્યો નહીં.**

૪) મનુષ્યપણું અને શ્રી તીર્થંકર પરમાત્માનો ધર્મ અને જૈન કુળ પુણ્યથી પ્રાપ્ત થાય કે કષાયોની મંદતાએ અને પ્રાથમિક ગુણોથી ?

૫) પુણ્ય બાંધવાથી બળવાન બંધાય કે કષાયોને મંદ કરવાથી સહજતાથી પુણ્ય બંધાય ?

૬) ધર્મ આરાધના વખતે પ્રથમ ફળને લક્ષમાં લેવું કે કષાયોનાં ક્ષય અને ગુણો પ્રગટાવવા ઉપર લક્ષ મુકવું?

૭) પુણ્ય બાંધવાનો જીવ પુરુષાર્થ કરે ત્યારે નિયમ છે કે કષાયો કપાય અને ગુણો પ્રગટે ?

૮) કષાયો કપાય અને ગુણો પ્રગટે ત્યારે નિયમ છે કે જીવ સહજતાથી બળવાન પુણ્યનું ઉપાર્જન કરે. (નિષ્કામ ભક્તિનાં યોગે અને કરૂણા દ્રષ્ટિથી)

૯) વર્તમાનમાં પુણ્યનું ફળ શું ? વધીને બીજો કે ત્રીજો દેવલોક (પરંપરાની સમજણ અનુસાર) અથવા પાછું મનુષ્યપણાની પ્રાપ્તી (વર્તમાનમાં શ્રેષ્ઠ તો મળ્યું છે, આનાથી વધારે શ્રેષ્ઠ કુળ કયું મળે ?)

૧૦) મહાવિદેહમાં વિચરતાં શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ પુણ્યથી થાય કે કષાયોની મંદતાએ અને ગુણોની પ્રગટતાએ?

૧૧) શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ અને ઓળખવા પુણ્ય જોઈએ કે કષાયોની મંદતા અને ગુણો જોઈએ?

જો પુણ્યથી શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ અને ઓળખાણ થઈ શકતી હોત તો શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામીની હાજરીમાં તેમનાં જ સામે થયેલા શિષ્ય શ્રી ગોશાલકનાં સંપ્રદાયનાં અનુયાયીઓની અને સાધુ-સાધ્વીજીની સંખ્યા વધારે ન હોત (બાળજીવોએ હાજરમાં શ્રી તીર્થંકર પરમાત્માને ઓળખવાં અત્યંત દુર્લભ છે, અગર ગુણો અને કષાયોની મંદતા હોય તો જીવ ઓળખી શકે છે.)

> **■ ''જ્ઞાનની આરાધના'' ■**
> **શાસ્ત્ર બોધ = સિધ્ધાંત બોધ = નિશ્ચય બોધ = આત્મ ધર્મ = આત્મકલ્યાણ બોધ**
> - **જે જીવે સિધ્ધાંત બોધ સાંભળ્યો તે જીવ ત્યાગની પાત્રતા પામવાવાળો ગણાય.**
> - **જે જીવે સિધ્ધાંત બોધ જાણ્યો તે જીવ ત્યાગની પાત્રતા પામ્યો ગણાય.**
> - **જે જીવે સિધ્ધાંત બોધ માન્યો તે જીવ ત્યાગી ગણાય.**
> - **જે જીવે સિધ્ધાંત બોધ આરાધ્યો તે જીવ ઉપાધ્યાયજી કે ગુરૂપદનું પ્રાપ્તીપણું કર્યું ગણાય.**
> - **જે જીવે સિધ્ધાંત બોધ અનુભવ્યો તે જીવ સંત, સદ્ગુરૂ કે આત્માનુભવી જ્ઞાની ગણાય.**

૧૨) બાળજીવોને નિશ્ચયબોધ સાંભળવાનું અને ગમવાનું કારણ શું ? પુણ્યનું કારણ કે સત્યની ઝુરણાં ? નમ્રતા, શિષ્યત્વનાં ભાવ, સહનશીલતાનો ગુણ, ઉપકાર માનવાનો ગુણ વિગેરે અનેક ગુણો જેનામાં રહેલાં છે, તેવા જ જીવોને નિશ્ચયબોધનો યોગ થાય, સાંભળવા ગમે અને શ્રધ્ધા સહિત સંજોગ અનુસાર આરાધે અને ન આરાધવા મળે તો તેનું વેદન થાય. (જ્યારે બાળજીવોને પુણ્ય બાંધવા ન મળે તો તેનું વેદન થતું નથી).

૧૩) પુણ્યથી જ શ્રી તીર્થંકર પરમાત્માનાં સમવસરણમાં જવાનો યોગ થતો હોય તો શ્રી તીર્થંકર પરમાત્માનાં સમવસરણમાં દરેક જીવો સરખી સ્થિતીવાળા જ હોય (સૌ સમૃધ્ધિવાન જ હોય કોઈ રંક ન હોય, પણ તેમ થતું નથી).

૧૪) પુણ્યનાં યોગથી જો ધર્મ (આત્મધર્મ) પ્રાપ્ત થતો હોત તો વર્તમાન કાળમાં દરેક ધનવાન આત્મધર્મી હોત (જ્યારે પુણ્ય પ્રાપ્ત કરીને આવેલાં જીવો વધારેમાં વધારે અધર્મમાં અને વિષય-કષાયોમાં રાચે છે.)

૧૫) પુણ્યથી અશાતા કર્મનું વેદન શાંત થાય કે સાચા જ્ઞાનનાં (નિશ્ચય ધર્મ) જાણવાથી અશાતા કર્મનાં વેદનનું શાંતપણું થાય.

૧૬) પુણ્યથી કર્મની નિર્જરા થાય કે ગુણોથી કર્મની નિર્જરા થાય ? (કષાયોનાં ક્ષયે)

૧૭) પુણ્ય બાંધતી વખતે નવા કર્મો બંધાય કે નહીં ? અને નિશ્ચય બોધ આરાધતી વખતે નવા કર્મો બંધાય અને જો બંધાય તો બંનેમાં વધારે ખરાબ કર્મો શેમાં બંધાય ?

૧૮) ભાવે માર્ગાનુસારીપણું અને ભાવે સમકિત પુણ્યથી પ્રાપ્ત થાય કે નિશ્ચયબોધનાં આરાધનથી કે ઉપદેશ બોધથી?

૧૯) શ્રી આત્માનુભવી જ્ઞાની પુરૂષો અને કેવળી ભગવંતો સહિત શ્રી તીર્થંકર પરમાત્મા કયો બોધ આપે ઉપદેશબોધ કે નિશ્ચયબોધ ?

૨૦) શાસ્ત્રોની રચનામાં ઉપદેશ બોધ છે કે નિશ્ચય બોધ?

૨૧) ઘણા જીવોને સંસારીક માનેલા સુખ મળ્યા. (પૂર્વમાં બળવાન પુણ્ય પ્રાપ્તીનાં કારણે) છતાં જીવો એક દિવસ પણ સુખ નથી પામતાં તેનું કારણ શું ? પુણ્યનો તો બળવાન યોગ વર્તાય છે છતાં ?

૨૨) સંસાર ત્યાગીને સાધુપણું પુણ્ય બાંધવા માટે કે પુણ્યનાં ક્ષય માટે ? (અને પૂર્વનાં બાંધેલા પાપકર્મોનાં ઉદયમાં શાંત ભાવે વેદીને અને તે વેદન વખતે નવા કર્મો ન બંધાય માટે)

૨૩) પાંચ ઈન્દ્રિયોનાં વિષયો, ચાર કષાયો, રાગ-દ્વેષ અને અજ્ઞાન એવાં બાર દોષો અને નામભાવ, માનભાવ, દેહભાવ, સુખભાવ, વિપર્યાસબુધ્ધિને ટાળવાં, નિમિત્તનાં દોષથી મુક્ત થવાં વિગેરે અવગુણો ટાળવા માટે સાધુપણું છે કે પછી પુણ્યથી આ બધા દોષો ટળે ? અને જો પુણ્યથી દોષો ટળતાં હોય તો પછી સાધુપણું લેવાની જરૂર શું છે. (શ્રાવકોને પુણ્ય બાંધવાનાં અનેક માર્ગો હોય છે.)

૨૪) શિષ્યત્વ, આજ્ઞાંકિતપણું, આશ્રય અને આરાધન, એક ગુરૂની નિશ્રામાં હોય કે અનેક ગુરૂઓની નિશ્રામાં હોય? (દિક્ષા એક શ્રી ધર્માચાર્ય પાસેથી લેવી, ગુરૂ બીજા શ્રી ધર્માચાર્યને માનવા, આજ્ઞા ત્રીજા શ્રી ધર્માચાર્ય પાસેથી લેવી અને સાધના (આરાધન) ચોથા શ્રી ધર્માચાર્ય પાસે કરવી અને આમાં કદાચ થોડું-વધતું-ઓછું હોય તો પણ ગુરૂ-શિષ્યનાં નિયમ પ્રમાણે સાધુ(ત્યાગી) ગણાય અને જો ગણાય તો કયા આધારે જીવે સ્વચ્છંદનો દોષ ટાળ્યો ગણાય. (આદર સર્વ ગુરૂભાઈઓનો અને વયમાં મોટા હોય તેનો, પણ આગ્રહ તો એક જ ગુરૂદેવનો હોવો જોઈએ કે નહીં? કે પછી આજ્ઞાને નામે સ્વિકાર્ય ગણવાનું ?)

આવા પ્રકારની પ્રાથમિક સમજણ મેળવીને અને જેમને ગુરૂપદે સ્વિકારવાનાં છે, તેનું અવલોકન કરીને પછી બાળજીવે આગળ વધવું એ આત્મકલ્યાણનું કારણ બને સાથે સાથે પ્રાથમિક સ્વરૂપે થોડી કર્મગ્રંથની જાણકારી મેળવવી કે જેથી ત્યાગીપણામાં અને તેની પહેલાં પણ જીવને આત્મકલ્યાણકારક બને તેની વિચારણાં મુખ્ય લક્ષણ સ્વરૂપે કરીએ, કે જેથી બાળજીવ ત્યાગ લે કે સંસારી અવસ્થાનાં શ્રાવક હોય દરેક અવસ્થાએ ઉપયોગમાં લેવાથી આત્મકલ્યાણનું કારણ બને અને મનુષ્યપણામાં મળેલું જૈનકુળમાં જન્મ્યાનું સાર્થકપણું બને માટે વિશેષ સમજણ અને આરાધવાની સમજણ શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં સમજીને તેમનાં આશ્રયે આરાધવું તે બાળજીવોનાં વ્યવહાર ધર્મની અનુકુળતાપૂર્વક બળવાન આરાધન થાય અને અલ્પભવોમાં મોક્ષનાં અધિકારીપણું પ્રાપ્ત થાય તેવા ગુણો પ્રગટે.

કર્મનાં મુખ્ય મુખ્ય લક્ષણોની વિચારણાં કરીએ.

૧) કર્મો બળવાન બંધાવાનું કારણ, કાર્ય કે તે કાર્યની અજ્ઞાનતા ?

૨) કર્મો વિચારથી બંધાય કે સંજોગઅનુસાર ?

૩) કાર્યો વિચારવિહીન થઈ શકે કે નહીં ?

૪) પૂર્વનાં કર્મો ઉદયમાં આવે ત્યારે નવા કર્મો બંધાય કે ન બંધાય (બંધાય તો કેવી રીતે અને ન બંધાય તો શા કારણે)

૫) કર્મબંધ વગર કેવી રીતે જીવાય ? (અલ્પ કર્મ બંધથી)

૬) કર્મો ભાવથી શરૂ થાય ? કે ઈચ્છાઓથી શરૂ થાય ? કે વિચારોથી શરૂ થાય ? કે સંકલ્પથી શરૂ થાય ? કે કાર્યથી શરૂ થાય કે કાર્યનાં ફળ વખતે કર્મો બંધાય ?

૭) કર્મો બાંધીએ, તે અનુભવમાં આવે ? કર્મો ઉદયમાં આવેલાં વેદીએ ત્યારે નવા ન બંધાણા તેનો અનુભવ થાય? અને કર્મો ની નિર્જરા કરી હોય, તેનો અનુભવ થાય ? અને જો થાય ત્યારે જીવની અંતર અનુભવ દશા કેવી હોય છે ?

૮) કર્મોબંધ અત્યંત મોળા કેમ પડે અને અત્યંત ગાઢ કેમ પડે ? (અત્યંત મોળા કેમ પડે તે કેવા પ્રકારનાં જીવન જીવવાથી બને?)

આવા અનેક પ્રકારની સમજણ બાળજીવ ત્યાગ લેતાં પહેલાં જાણી લેવી અનિવાર્ય ગણાય અને તોજ બાળજીવ સાધનાનાં માર્ગનો સાચો સાધક બની શકે અને સ્વકલ્યાણ કરીને ભાવી ભવોમાં મોક્ષગમન થાય, તેવાં ગુણો અને લક્ષણો પ્રગટાવીને દ્રવ્યને ભાવ પરીણામી બનાવીને પરીણામીપણું પ્રાપ્ત થાય, નહીંતર ત્યાગ લીધા પછી સ્વકલ્યાણનો સાધક મટીને ભ્રમિતપણે પરકલ્યાણનાં નામે ઉપદેશક બનીને પોતાનાં આત્મકલ્યાણનું અહિત કરીને અન્ય બાળજીવોને ડુબાડવામાં (પુણ્યલક્ષી બનાવીને અનંત ભવ ભ્રમણમાં ફેરવવામાં) નિમિત્ત કારણ બનીને બળવાન મોહનીય અને જ્ઞાનાવરણીય દોષોનો મોટો બંધ બાંધે છે.

માટે મોક્ષમાર્ગની પૂર્ણ શાસ્ત્રોનાં આધાર સહિતની જાણકારી મેળવીને ખાત્રી કરીને પછી જ ત્યાગ લેવાય અને ત્યાગીપણામાં નિશ્ચય બોધ સિવાય અન્ય કોઈપણ પ્રકારનો બોધ અસ્વિકાર્ય ગણાય. આવી સમજણ અને અણસમજણથી બાળજીવો ત્યાગી બને છે. અને આગળ જતાં શ્રી ધર્માચાર્યો સ્વરૂપે બોધ આપે છે.

**આનંદ આનંદ આનંદ**

> આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.